ગામે-ગામ ફરી લોકસભા માટે માહોલ બનાવશે

# આજે એકતા યાત્રાને મુખ્યમંત્રી બારડોલીથી પ્રસ્થાન કરાવશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

સરદારની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ પહેલાં તા.19મી ઓક્ટોબર 2018ના રોજ સવારે 10.30 વાગ્યે બારડોલીથી મુખ્યમંત્રી વિજય રૂપાણી એકતા યાત્રાનું પ્રસ્થાન કરાવશે. એકતા યાત્રા થકી લોકસભા માટે માહોલ બનાવવાનો ભાજપનો પ્રયાય હાથ ધરશે. આ મુદ્દે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતુંકે, અખંડ ભારતના નિર્માતા સરદાર સાહેબનો એકતા અને અંખડિતતાનો સંદેશ ગામે-ગામ પ્રસરાવવામાં આવશે.

ચુડાસમાએ વધુમાં જણાવ્યું હતુંકે, રાજ્યભરના વિવિધ જિલ્લાઓના 10 હજાર ગામોમાંથી 50થી વધુ એકતા રથ પરિભ્રમણ કરશે. રથમાં સરદાર સાહેબની પ્રતિમા રહેશે તેમજ એલ.ઇ.ડી. સ્ક્રીન પરથી સરદાર સાહેબના જીવન-કવનને આવરી લેતી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી માટેની ટેલિફિલ્મ દર્શાવાશે. ચાર ઝોનમાં એકતા યાત્રા નીકળશે.

## લોખંડી પુરુષની છાતીમાંથી નર્મદાનું વિહંગાવલોકન



વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાની ગેલેરીમાંથી સરદાર સરોવર ડેમનો સૌ પ્રથમ વ્યૂહ લીધો ત્યારે લોખંડી પુરુષની છાતીમાંથી નર્મદાનું વિહંગાવલોકન જોવા મળ્યું હતું. ફોટો : શૈલેશ રાવલ

સંદેશ

19 OCT 2018